સૌરાષ્ટ્ર આસપાસ

## દિવ્યાંગ માનવી વ્હીલ ચેર પર અવકાશયાત્રા કરશે

દિવ્યાંગ માનવીની અવકાશયાત્રા માનવ ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી અધ્યાય તરીકે નોંધાશે. અત્યાર સુધી અવકાશયાત્રા એટલે અતિશય શારીરિક ક્ષમતા ધરાવતા લોકો માટે જ હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ વ્હીલચેરમાં રહેલી વ્યક્તિનું અવકાશમાં જવું આ માન્યતાને તોડી નાખે છે. જર્મન એરોસ્પેસ એન્જિનિયર માઇકેલા બેન્થૌસની યાત્રા માત્ર વૈજ્ઞાનિક ઘટના નથી, પરંતુ સમાન અવસર અને માનવ ગૌરવની ઘોષણા છે. આ ઘટના સમાજને યાદ અપાવે છે કે દિવ્યાંગતા કોઈ અસમર્થતા નથી, પરંતુ અલગ ક્ષમતાનો સ્વરૂપ છે. અવકાશ સુધી પહોંચવાની તક જ્યારે દિવ્યાંગ વ્યક્તિને મળે છે, ત્યારે ધરતી પરના શિક્ષણ, રોજગાર અને સંશોધનમાં પણ સમાનતાનો વિચાર વધુ મજબૂત બને છે. આ યાત્રા લાખો દિવ્યાંગ લોકોને સપનાઓ જોવાની અને તેને સાકાર કરવાની હિંમત આપશે.અવકાશ હંમેશાં માનવ કલ્પનાનું સૌથી ઊંચું શિખર રહ્યું છે. ત્યાં પહોંચવું એટલે માત્ર વૈજ્ઞાનિક સફળતા નહીં, પણ માનવ આત્મવિશ્વાસ અને સમાનતાની ઉજવણી. તાજેતરની બે ઘટનાઓ આ વિચારને વધુ સ્પષ્ટ બનાવે છે. એક તરફ જર્મન એરોસ્પેસ એન્જિનિયર માઇકેલા બેન્થૌસ વ્હીલચેરમાં અવકાશ યાત્રા કરીને ઇતિહાસ રચવા જઈ રહ્યા છે અને બીજી તરફ ભારતનું ઈસરો અવકાશમાંથી સીધા સ્માર્ટફોન સુધી સંચાર પહોંચાડવાના નવા યુગની શરૂઆત કરવા જઈ રહ્યું છે. આ બંને સમાચાર માત્ર ટેક્નોલોજીની વાત નથી કરતા, પણ માનવ સમાજના દૃષ્ટિકોણમાં આવતી મહત્વપૂર્ણ બદલાવની સાબિતી આપે છે.માઈકેલા બેન્થૌસનું અવકાશ પ્રવાસ એક સાદી યાત્રા નથી. વ્હીલચેર પર રહેલી વ્યક્તિ અવકાશમાં જશે એ વાત પોતે જ અનેક પૂર્વગ્રહોને તોડી નાખે છે. અત્યાર સુધી અવકાશયાત્રા એટલે શારીરિક રીતે અત્યંત તંદુરસ્ત, કડક પસંદગીમાંથી પસાર થયેલા લોકોની જ દુનિયા એવી માન્યતા હતી. બ્લુ ઓરિજિનના ન્રુજી-૩૭ મિશન પર ન્યૂ શેપર્ડ રોકેટમાં માઈકેલા જઈ રહ્યા છે, એ ઘટના કહી જાય છે કે હવે ક્ષમતાનો અર્થ ફરીથી વ્યાખ્યાયિત થઈ રહ્યો છે. શરીરની મર્યાદા માનવ સપનાઓની મર્યાદા નથી, એ સંદેશ અહીંથી અવકાશ જેટલો ઊંચો થઈને પ્રસારિત થાય છે.આ યાત્રા લાખો દિવ્યાંગ લોકોને નવો આત્મવિશ્વાસ આપશે. સમાજ ઘણી વાર સહાનુભૂતિ આપે છે, પરંતુ સમાન અવસર આપવા સંકોચે છે. માઈકેલાની અવકાશ યાત્રા એ સંકોચને પ્રશ્ન કરે છે. જો અવકાશ સુધીનો માર્ગ ખુલ્લો થઈ શકે છે, તો ધરતી પરના શિક્ષણ, રોજગાર અને સંશોધનના માર્ગ કેમ નહીં? આ ઘટના માનવાધિકારની ભાષામાં બોલે છે અને કહે છે કે સમાવેશ માત્ર નીતિમાં નહીં, પ્રયોગમાં પણ શક્ય છે.

બીજી તરફ, ભારતનું LVM3-M6 મિશન એક અલગ જ ક્રાંતિનો સંકેત આપે છે. ૨૪ ડિસેમ્બરે શ્રીહરિકોટાથી લોન્ચ થનારી બ્લુબર્ડ-૬ કોમ્યુનિકેશન સેટેલાઈટ સીધા સ્માર્ટફોન સાથે જોડાઈ શકશે. અવકાશમાંથી ઇન્ટરનેટ અને કોલિંગ સેવાઓ આપતી આ ટેક્નોલોજીનો અર્થ એ છે કે હવે દુરદરાજ ગામડાં, પહાડી વિસ્તારો કે આપત્તિગ્રસ્ત પ્રદેશો સંચારથી વંચિત નહીં રહે. જ્યાં ટાવર ઊભાં કરવું મુશ્કેલ છે, ત્યાં અવકાશ પોતે જ ટાવર બની જશે.આ વિકાસ ભારત માટે માત્ર ટેક્નોલોજીકલ સિદ્ધિ નથી, પણ સામાજિક સશક્તિકરણનું સાધન છે. ખેડૂતને હવામાનની માહિતી તરત મળશે, વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણ સાથે જોડાવામાં અડચણ નહીં રહે, અને આપત્તિના સમયે સંપર્ક તૂટવાનો ભય ઓછો થશે.

# ઘર બાળકોમાં સંસ્કારનું નિરૂપણ કરે, શાળા વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વધારે

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

હવે ગુજરાતની શાળાઓમાં પણ વિદ્યાર્થીઓ સ્કુલ બેગમાં પેન પેન્સિલ સાથે હથિયાર લાવી રહ્યાં છે. જે ઉંમરે માત્ર અને માત્ર આનંદ સાથે બાળક નવું શીખી શકે તેવા વાતાવરણને સ્થાઈ કરવાનું છે તે સમાજમાં હવે નર્યો તણાવ વ્યક્ત થઈ રહ્યો છે.

ગુજરાતી સમાજનું ભવિષ્ય ડામોડોળ થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે મોઢાના ચાંદા કેન્સરના લક્ષણોમાં ન ફેરવાઈ તેની કાળજી લેવા અને નવી પેઢીમાં પેસી ગએલા વ્યસનો દૂર કરવા નવી વ્યવસ્થાઓને સ્વીકારવી પડશે.વિદ્યાર્થીઓના ડી.એન.એ. માં સહિષ્ણુતા, સ્નેહ, સદ્ભાવ હોવો ઘટે જેના સ્થાને આજે સ્પર્ધા, દ્રેશભાવ, સતત અગ્રતા જાળવી રાખવાનો અહમ અને અભાવ જોવા મળે છે. જે સ્વસ્થ સમાજ માટે ભયરૂપ બની રહ્યો છે.પરિસ્થિતિ સામે ગુજરાત રાજય શિક્ષક સંઘના અધ્યક્ષશ્રીએ નિવેદન આપતાં જણાવ્યું કે 'પેન ઉપાડવાની જગ્યાએ છરી કેમ! આ સવાલ આપણા સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. કારણ શિક્ષણનું વ્યવસાયકરણ થતાં મૂલ્યોનું સ્થાન ગુણ અને ટકાવારીએ લીધું છે. આજના શિક્ષણમાં વિદ્યાર્થીઓએ ડિગ્રી તો મળે છે પરંતુ બાળકના ઘડતરમાં સંસ્કાર અને જીવન મૂલ્યોનો અભાવ રહી જાય છે.' શિક્ષક મહાસંઘ જણાવે છે કે 'આજના બાળકને પુસ્તકીયું જ્ઞાન તો આપવામાં આવે છે પરંતુ તેમને જીવન જીવવાની સાચી રીત શીખવવામાં આવતી નથી. સ-વિશેષ શાળા પરિસરમાં સંસ્કાર અને મૂલ્યોનું વાવેતર થતું નથી ત્યારે સમાજમાં હિંસા, અસહિષ્ણુતા અને ગુનાઓનું પ્રમાણ વધે છે. આજે આપણે યુવાનોને વ્યસન અને મોબાઈલની કુ-ટેવમાં કસાએલા જોઈએ છીએ તે પણ આજ મૂલ્ય શિક્ષણના અભાવનું પરિણામ છે.'

શાળા આચાર્ય સંઘના પૂર્વ અધ્યક્ષ વિનંતી કરતાં જણાવે છે કે 'શાળામાં એક તાસ મૂલ્ય શિક્ષણ માટે અનિવાર્ય કરાતા માતા-પિતા અને રાષ્ટ્ર માટે વિદ્યાર્થીઓમાં પુજનિય ભાવનું નિર્માણ થશે.' મોંથી ફી વસુલ કરી શાળામાં ૬-૬ કલાક બાળકોને રોકી, રાખતા શાળા સંચાલકો માટે આ વ્યવસ્થા પડકારરૂપ બને છે. પરંતુ પ્રશ્નોની ગંભીરતા સામે પ્રથમ પગલે 'વર્ગખંડથી ભારતનું ભવિષ્ય ઘડાઈ રહ્યું છે. તેનો સ્વીકાર થશે તો જ શાળા રાષ્ટ્ર નિર્માણનું કેન્દ્ર બનશે.

જો કે આ વિચાર સામે ઉદ્યોગો માટે થઈ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટને પસંદ કરતા વ્યવસ્થાપનના નિષ્ણાંતોનું માનવું છે કે આજકાલ વિદ્યાર્થીઓમાં વધતી જતી સ્વચ્છંદતા, વ્યસન અને વરચ્યુઅલ બેડ હેબીટ જેવી બિન ઉત્પાદકીય પ્રવૃત્તિઓ દૂર કરવા શાળા કે શિક્ષકોની પારંપારિક તલવાર બુંઠ્ઠી થઈ છે. આરોગ્ય અને માનવ ચિકિત્સાની ૧૭૦૦-૨૦૦૦ વર્ષ જુની આયુર્વેદ પ્રણાલીની સામે ૧૫૦-૨૦૦ વર્ષથી પ્રચલિત એલોપથી વિશ્વભરમાં પ્રચલિત બની છે. તેનું હાર્દ રોગના કારણો નહી પણ રોગના લક્ષણ અને દર્દીની સ્વ-ફરીયાદને સારવારનું કેન્દ્ર બનાવાયું, તે છે !!! આથી મેનેજમેન્ટ નિષ્ણાંતો ટુલ -બદલવાની સલાહ આપે છે.

વર્ષ ૧૯૦૮માં હિંદ સ્વરાજ નામની પુસ્તિકામાં મહાત્મા ગાંધીએ અંગ્રેજો સ્થાપિત શિક્ષણ પ્રણાલીની મર્યાદાઓ સ્પષ્ટ કરી છે ત્યારથી લઈ ૧૧૭વર્ષોમાં અનેકોએ શિક્ષણ વ્યવસ્થામાંથી બહાર આવતા પરીણામ માટે નિરાશા વ્યક્ત કરી છે. કારણ બાલમંદિરના ૨ વર્ષ તે પછી શાળાના ૧૨ વર્ષ અને અનુસ્નાતક માટેના ૫ તેમ ૧૯ વર્ષમાં લગભગ ૨૮૫૦૦ માનવ કલાકો, એક જ બાળક પછી મા-બાપનું લગભગ લગભગ રૂા. ૩૮૦૦૦૦૦ નું રોકાણ સમાજલક્ષી ઈચ્છિત પરીણામ દાઈ રહેતું નથી. ત્યારે નવી પેઢીને પારંપારિક ઉપચારમાંથી બહાર કાઢવાની આશ્યકતા જણાય છે.

આઝાદીના ૭૫માં વરસે નવી શિક્ષણ નીતિમાં કૌશલ્ય તાલીમને પ્રાધાન્ય અપાયું છે. અને બીજા તબક્કામાં આત્મનિર્ભર અને મેઈક ઈન ઈન્ડિયાની દિશા નવી પેઢી માટે માર્ગદર્શક બની રહી છે ત્યારે ખ્યાલ રહે 'નાના છિદ્રમાંથી સંપુર્ણનું દર્શન શક્ય નથી. કોઈ રામબાણ ઈલાજ હવે કામમાં આવનાર નથી.'

એક સમયે માહિતીની આપ-લે માટે શિક્ષણ અશક્ત માધ્યમ હતું પરંતુ આધુનિક યુગમાં જ્યારે જ્ઞાનને શક્તિ તરીકે જણાવવામાં આવે છે તેવા યુગમાં શાળામાં નોકરી કરતો, સરકારે માન્ય કરેલ અભ્યાસક્રમ ભણાવતો, અને નિયત માળખામાં પરીક્ષા લેનાર નિયમો અને સમયમાં બંધાએલ શિક્ષક શાળા અને શિક્ષણ વિભાગ સ્વયં એક મર્યાદિત વર્તુળ બને છે. આવી જમીની હકીકત સાથે શહેરીકરણ, નાના આવાસો, નોકરી કરતા મા-બાપ, ઊંચા જીવન ધોરણને જાળવી રાખવા અને અપેક્ષિત દેખાદેખીમાં ખેચાતું સમાજ જીવન વિદ્યાર્થી માટે તણાવ સભર બને છે.આ સ્થિતિમાં હવે શાળાનાં પરિસરને ભારતના ભાવીની નિર્માણ ભૂમિ કહેવાનું અને શિક્ષકને ગુરૂ બ્રહ્મા કહેવાનો પારંપારિક વિવેક છોડી શાળા પરિસરને માત્ર જીવનને આનંદદાઈ રાખનાર કૌશલ્ય વિકાસનું કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરીએ. જ્યારે ઘર અને મા-બાપને પોતાના પરિવાર માટે અનિવાર્ય મૂલ્યોની કેળવણીના સંસ્કાર કેન્દ્ર તરીકે સ્વીકારીએ, વિકાસાવીએ.

આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ ફેક્ચર જીન્સ, વરર્ચ્યુઅલ એપ્લિકેશન પ્રકારના વધુ અને વધુ કોમ્પ્લેક્સ સમાજમાં હવે શિક્ષક અને શાળા પાસે અનુકુળ સામાજિક પરિણામોની અપેક્ષા અર્થહિન છે. તેનો સ્વીકાર કરી મા-બાપ પોતાના બાળક પાછળ પૈસા ખર્ચી જવાબદારીમાંથી મુક્ત થવાનો વ્યવહાર છોડી દે.

બાળકના જૈવિક અસ્તિત્ત્વની જવાબદારી મા-બાપની છે. તો પોતાના દેશ, ધર્મ, સાંપ્રદાઈ, કુટુંબ કે વૈયક્તિક મૂલ્યોના ઘડતર માટેના મૂલ્યોની પૃષ્ટ ભૂમિ તૈયાર કરવાનું કાર્ય પણ મા-બાપનું છે. હવે શાળા અને શિક્ષકોના ગળામાં મૂલ્ય ઘડતર નો ઘંટ બાંધવાની અપેક્ષા ન રાખીએ. કૌશલ્ય વિકાસ અને રોજગારી તે આધુનિક પુત્રનો મોટો પડકાર બની રહી છે ત્યારે જીવનને આનંદ સભર રાખનાર વિવિધ કૌશલ્યનાં વિસ્તાર પુરતી જવાબદારી શાળા લે અને કુટુંબ પોતાને અનુરૂપ વારસો તૈયાર કરવાની જવાબદારી લેશે તેમજ ભારતનું ભાવી ઘડાશે તે નિશ્ચિત છે.

# ભારતીય રાજકારણ માટે ૨૦૨૬નું વર્ષ મહત્વપૂર્ણ

## આસામ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે

**કરંટ ટોપિક**

ભારતીય રાજકારણ માટે ૨૦૨૬નું વર્ષ મહત્વપૂર્ણ રહેશે. આગામી થોડા મહિનામાં, પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશેઃ આસામ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, તમિલનાડુ અને કેરળ. આ ચૂંટણીઓ વિધાનસભાઓ માટે છે, પરંતુ તે રાષ્ટ્રીય રાજકારણ પર પણ મજબૂત અસર કરશે. એક તરફ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ઘણા નવા રાજ્યોમાં પોતાની સત્તા સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે, જ્યારે બીજી તરફ, વિપક્ષ, ખાસ કરીને કોંગ્રેસ અને પ્રાદેશિક પક્ષો, દેશના સૌથી મોટા પક્ષને કોઈપણ તક આપવાનો ઈનકાર કરવા માટે કટિબદ્ધ છે. આ વિધાનસભા ચૂંટણીઓ એ પણ નોંધપાત્ર રીતે દર્શાવશે કે મોદી સરકારની નીતિઓ કેટલી અસરકારક છે અને વિપક્ષ કેટલો એક છે.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ સરકારે ૨૦૨૧ ની વિધાનસભા ચૂંટણીમાં ૨૧૩ બેઠકો અને ૪૮% મત હિસ્સા સાથે જીત મેળવી હતી. મમતાની લોકપ્રિયતા અને કલ્યાણકારી યોજનાઓ તેમની શક્તિ છે, પરંતુ આર્થિક પડકારો અને શાસન વિવાદો તેમની સરકાર પર ભારે પડી શકે છે. ૨૦૨૧ માં ભાજપ ૭૭ બેઠકો પર પહોંચી ગયું હતું અને બિહારમાં મોટી જીત પછી હવે આક્રમક છે. કોંગ્રેસ અહીં નબળી પડી ગઈ છે અને નેતૃત્વના અભાવ સાથે સંઘર્ષ કરી રહી છે. જો ભાજપ બંગાળમાં કંઈક નોંધપાત્ર હાંસલ કરે છે, તો તે તેના રાજકીય ભાગ્ય માટે એક મોટો પ્રોત્સાહન સાબિત થઈ શકે છે. દરમિયાન, ટીએમસીની હાર તેને પ્રાદેશિક પક્ષોની યાદીમાં મૂકી શકે છે જે એક સમયે રાજ્યમાં ખૂબ શક્તિશાળી હતા પરંતુ ધીમે ધીમે નબળા પડી ગયા છે.

આસામમાં હાલમાં હિમંત બિસ્વા શર્માના નેતૃત્વમાં ભાજપની સરકાર છે. ભાજપ ગઠબંધને ૨૦૨૧ની ચૂંટણીમાં ૭૫ બેઠકો જીતી હતી અને હવે તે સતત ત્રીજી મુદત માટે સત્તામાં પાછા ફરવાની તૈયારી કરી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, સરમાએ વિકાસ, સુરક્ષા અને ઓળખની રાજનીતિ પર ભાર મૂકતા ભાજપના ફાયરબ્રાન્ડ નેતા તરીકે પ્રતિષ્ઠા કેળવી છે. દરમિયાન, વિપક્ષમાં, ગૌરવ ગોગોઈના નેતૃત્વમાં કોંગ્રેસ તેની લડાઈ લડવા માટે તૈયાર છે. મુસ્લિમ મતોનો લાભ લેતી છૈંઢહ્લ જેવી પાર્ટીઓ પણ આગામી વિધાનસભા ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ચૂંટણીઓ ભાજપ માટે ઉત્તરપૂર્વમાં પોતાની પકડ મજબૂત કરવાની તક છે, જ્યારે અહીં કોંગ્રેસનું સારું પ્રદર્શન વિપક્ષ માટે મોટો ફાયદો થશે.

તમિલનાડુમાં દ્રવિડ મુનેત્ર કઝગમ દ્વારા શાસિત છે, જેનું નેતૃત્વ એમ.કે. સ્ટાલિન, જેમણે ૨૦૨૧ માં ૨૩૪ માંથી ૧૩૩ બેઠકો જીતી હતી. રાજ્યમાં લાગુ કરાયેલી કલ્યાણકારી યોજનાઓથી ૧૮.૬ મિલિયન લોકોને ફાયદો થયો છે, અને પાર્ટી લગભગ ૨૫ મિલિયન મતોનું લક્ષ્ય રાખી રહી છે. જોકે, બેરોજગારી જેવા મુદ્દાઓ પાર્ટી પર ભારે પડી શકે છે, અને ચોક્કસપણે એક સત્તા વિરોધી પરિબળ છે. દરમિયાન, એઆઈએડીએમકે-ભાજપ ગઠબંધન પણ તેના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યું છે, જ્યારે વિજયનું ટીવીકે, એક નવી પાર્ટી તરીકે, યુવાનોને આકર્ષિત કરી રહ્યું છે. તમિલનાડુમાં વિજય ભાજપ માટે કુદરતી વિકાસ માટે એક મોટી તક હોઈ શકે છે, જ્યાં હિન્દુત્વની મર્યાદાઓ છે. વિપક્ષ માટે, ઢસ્ન્દ્ઘ ની હાર ભારત બ્લોકને નબળી પાડશે.

કેરળમાં પિનરાઈ વિજયનના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટનું શાસન છે, જેણે ૨૦૨૧ માં ૯૯ બેઠકો જીતી હતી. આ ગઠબંધન સત્તામાં પાછા ફરવા માંગે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓ પડકારજનક રહ્યા છે. વિજયન સરકારનો સામાજિક કલ્યાણ અને વિકાસ પર ભાર નોંધપાત્ર છે, પરંતુ આર્થિક પડકારો અને મુખ્યમંત્રીની સરમુખત્યારશાહી શૈલી નોંધપાત્ર ખામીઓ છે. ૨૦૨૫ ની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં કોંગ્રેસ-યુડીએફએ સારું પ્રદર્શન કર્યું હતું, જે એલડીએફ માટે ચિંતાનું કારણ છે. ભાજપે પણ આ ચૂંટણીઓમાં સારું પ્રદર્શન કર્યું હતું અને તે તેના અગાઉના પ્રદર્શનમાં સુધારો કરવા માંગે છે. એકંદરે, આ ચૂંટણીઓમાં ડાબેરીઓ, કોંગ્રેસ અને ભાજપ માટે દાવ વધારે છે.

પુડુચેરીમાં, ઓલ ઈન્ડિયા એનઆર કોંગ્રેસ અને ભાજપ ગઠબંધન, એન. રંગાસામીના નેતૃત્વમાં, સત્તામાં છે. ૨૦૨૧ માં, ૩૦ બેઠકોવાળી વિધાનસભામાં એઆઈએનઆરસીએ ૧૦ બેઠકો અને ભાજપે છ બેઠકો જીતી હતી, પરંતુ હાલમાં, ગઠબંધન પાસે એક સિવાય બધી બેઠકો છે. કંઈ સારું ચાલી રહ્યું નથી.ડીએમકે અને કોંગ્રેસ જેવા વિપક્ષી પક્ષો આ નાના પણ મહત્વપૂર્ણ કેન્દ્રશાસિત પ્રદેશમાં સત્તા પર પોતાનો દાવો મજબૂત રીતે રજૂ કરી રહ્યા છે. સ્થાનિક શાસન અને વિકાસ મુખ્ય મુદ્દાઓ છે, જેના કારણે આ ચૂંટણી ભાજપ માટે દક્ષિણમાં તેના જોડાણને બચાવવા માટે એક કસોટી બની રહી છે, જ્યાં સત્તા વિરોધી લહેર છે. જો કોંગ્રેસ અને ડીએમકે ફરીથી હારી જાય છે, તો તેમના માટે પુડુચેરીમાં તેમના સંગઠનને બચાવવા મુશ્કેલ બની શકે છે. એકંદરે, આ પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ ભાજપને દક્ષિણ અને પૂર્વમાં વિસ્તરણ કરવાની સુવર્ણ તક આપે છે, જ્યાં તે હિન્દુત્વ અને મોદી બ્રાન્ડ પર દાવ લગાવી રહી છે. ૨૦૨૫ માં દિલ્હી અને બિહારમાં મળેલા વિજયથી તેનું મનોબળ વધ્યું છે.

# મોબાઈલ મૂકો અને શેરી-મેદાની રમતોને પુનર્જીવિત કરો

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

**મોબાઈલ અને સોશિયલ મીડિયાની ટેવ આજે ભયંકર હદે વકરી ચૂકી છે. તેણે બાળકોના માસુમ બાળપણને છીનવી લીધું છે. જુવાન થતા પહેલા બાળકો તન અને મનથી સાવ પાંગળા બની જાય છે. કુટુંબ પરિવાર અને સમાજથી અલગ થઈ જાય છે. આ એક સૌથી મોટી સામાજિક સમસ્યા છે જે બેહદ વકરી ચૂકી છે ત્યારે આજના કપરા સમયમાં માસુમ બાળકોને બચાવવા માટે શેરી રમતો અને મેદાની રમત તો ખાસ જરૂરી બની ગઈ છે.**

શેરી રમતો અને મેદાની રમતો ધીમે ધીમે ભુલાતી જાય છે. આજના ફાસ્ટ યુગમાં કોઈ પાસે બાળકોને રમાડવાનો સમય નથી. દાદા દાદી બાળકોને રમાડતા અને પોતે બાળક બની જતા આજે દાદા વૃદ્ધાશ્રમમાં રહેવા લાગ્યા છે. બાળકો પ્રેમ અને લાગણી ઈચ્છે છે. બાળકને માટી સાથે રમવું છે. ધૂળ સાથે રમવું છે. પણ આ પહેલા તો તેના હાથમાં મોબાઈલ આપી દેવામાં આવે છે અને બાળક બધું જ ભૂલી જાય છે અને મોબાઈલ ની માયાવી દુનિયામાં એવો ખોવાઈ જાય છે કે જેની કલ્પના થઈ શકે નહીં. આજે બાળકો શેરીમાં કે મેદાનમાં રમવા જતા નથી. મેદાનની રમતો અને શેરી ની રમતો આજે ભુલાતી જાય છે આવી અનેક રમતોમાં સૌથી જૂની રમત ગેડી દડાની છે. જે ભગવાન શ્રીકૃષ્ણના સમયમા આ રમત રમાતી. આજે ગેડી દડા જેવી રમતોથી લઈને ગીલી દંડા અને કબડ્ડી જેવી દેશી રમતો ભુલાતી જાય છે, સાથે જ શેરી રમત અને મેદાની રમત પણ મોટાભાગે ભુલી જવામાં આવી છે. શેરી રમતોઃ સંસ્કૃતિ અને સહિયારા આનંદનું પ્રતિબિંબ ભારતની સંસ્કૃતિ માત્ર મંદિર કે ગ્રંથોમાં જ નહીં, પણ તેની શેરીઓ અને ફળિયાંમાં પણ ધબકે છે. આ શેરીઓ કે જ્યાં પ્લાસ્ટિકના ઝાકઝમાળ પહેલાં બાળકો ધૂળ સાથે રમતા, તે જ સાચી ભારતીય રમતગમતની ભૂમિ હતી. શેરી રમતો માત્ર સમય પસાર કરવાનું સાધન નહોતી, પણ તે સંસ્કાર, શારીરિક કૌશલ્ય અને સામાજિક એકતાની પાઠશાળા હતી.

આ રમતોની જડ છેક પ્રાચીન ભારતમાં જોવા મળે છે. પૌરાણિક કથાઓ અને ઈતિહાસના પાના ઉથલાવીએ તો જાણવા મળે છે કે ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના મિત્રો પણ આવી જ રમતો રમતા. ખાસ કરીને, ગેડી દડા (જેને આજે પકડીને ફેંકવાની ક્રિકેટની શૈલીનું આદિ સ્વરૂપ કહી શકાય) એ કૃષ્ણના બાળપણનો અભિન્ન ભાગ હતો. લાકડીની ગેડી (નાની ગોળ લાકડી) અને દડો (ક્યારેક પાંદડા કે કપડાંનો બનેલો) એ યુગની સાદગીને દર્શાવે છે. આ રમતો માત્ર આનંદ આપતી નહોતી, પણ શરીરને ચપળ, મનને સ્થિર અને મિત્રો સાથે સહકારની ભાવના કેળવતી.સમય જતાં, આ પરંપરાગત રમતોએ વિવિધ સ્વરૂપો ધારણ કર્યા, જે આજે પણ ગામડાં અને નાનાં શહેરોની શેરીઓનું ગૌરવ છે. તેમાંની સૌથી લોકપ્રિય છે ગીલી દંડા. લાંબી લાકડી (દંડો) અને બે છેડેથી અણીદાર નાની લાકડી (ગીલી) વડે રમાતી આ રમત આંખ-હાથનું સંકલન, ચોકસાઈ અને પ્રતિક્રિયા સમયને સુધારે છે. બીજી તરફ, કબડ્ડી જેવી રમત તો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પહોંચી છે. "કબડ્ડી... કબડ્ડી..."ના ઉચ્ચાર સાથે એક ખેલાડીનું શ્વાસ રોકીને વિરોધી પક્ષના ખેલાડીઓને સ્પર્શ કરીને પાછા ફરવું, એ શક્તિ, સહનશક્તિ અને વ્યૂહરચનાનો અદ્ભુત સમન્વય છે.આ ઉપરાંત, કેટલીક સ્થાનિક રમતો પણ છે, જેનું આકર્ષણ અનોખું છે. જેમ કે, નારગેલિયો (જેમાં સાત પથ્થરની થપ્પીને દડાથી પાડીને તેને ફરી ગોઠવવાની હોય છે), તે એકતા અને ઝડપની કસોટી કરે છે. અડવાનો દાવ અથવા પકડદાવ એ ચપળતા, ભાગી છૂટવાની કલા અને ખેલદિલી શીખવે છે. આ રમતોમાં કોઈ મોંઘા સાધનોની જરૂર નહોતી. એક દડો, એક લાકડી, કે માત્ર જમીન પર દોરેલી લીટી જ પૂરતી હતી, જે દર્શાવે છે કે સાચો આનંદ સાધનોમાં નહીં, પણ સહિયારા પ્રયાસ અને કલ્પનાશક્તિમાં રહેલો છે.

શેરી રમત અને મેદાની રમત વચ્ચેનો તફાવત

આધુનિક યુગમાં, શેરી રમતોનું સ્થાન ધીમે ધીમે મેદાની રમતોએ લીધું છે, અને આ બંને વચ્ચે મૂળભૂત તફાવત છેઃ

★ સ્થળ અને માળખુંઃ શેરી રમત કોઈ પણ નાની જગ્યાએ, જેમ કે શેરી, ફળિયું, કે ગલીમાં રમી શકાય છે. તેના માટે કોઈ ચોક્કસ માપદંડ કે નિયમોનું મેદાન જરૂરી નથી. જ્યારે, મેદાની રમત (જેમ કે ક્રિકેટ, ફૂટબોલ, હોકી) માટે મોટા અને નિયત માપના મેદાનની જરૂર પડે છે, જે ચોક્કસ ધોરણોનું પાલન કરે.

★ નિયમો અને સાધનોઃ શેરી રમતોના નિયમો લવચીક હોય છે અને ખેલાડીઓ પોતાની અનુકૂળતાએ બદલી શકે છે. સાધનો સાદા અને સરળતાથી ઉપલબ્ધ હોય છે. મેદાની રમતોના નિયમો આંતરરાષ્ટ્રીય સ્તરે નિશ્ચિત હોય છે અને તેમાં મોંઘા તથા વિશિષ્ટ સાધનોની જરૂર પડે છે.

★ સહભાગિતા અને માર્ગદર્શનઃ શેરી રમત અનૌપચારિક હોય છે અને કોઈપણ વ્યક્તિ જોડાઈ શકે છે. તેમાં કોઈ કોચ કે રેફરીની ખાસ જરૂર પડતી નથી. મેદાની રમતમાં સ્પર્ધાત્મકતા વધુ હોય છે અને તેમાં કોચિંગ, રેફરી અને વ્યવસ્થિત તાલીમનું માળખું જરૂરી છે.

ટૂંકમાં, શેરી રમતો એ આપણા સાંસ્કૃતિક વારસાનો એક જીવંત અને ધબકતો ભાગ છે, જે આપણને સરળતા, સહકાર અને શારીરિક સક્રિયતાનો મંત્ર આપે છે. ભલે તે ગેડી દડો હોય કે કબડ્ડી, આ રમતોએ પેઢી દર પેઢી આનંદ અને સ્વસ્થ જીવનની પરંપરાને જીવંત રાખી છે.

શું તમે આમાંથી કોઈ એક રમત, જેમ કે કબડ્ડીનો ઈતિહાસ અનોખો છે.આજના સમયમાં બાળકો અને યુવાનોના જીવનમાં મોબાઈલ ફોન કેન્દ્રસ્થાને આવી ગયો છે. ભણતર, મનોરંજન, મિત્રતા અને સમય પસાર કરવાનો મોટાભાગનો હિસ્સો સ્ક્રીન સાથે જોડાઈ ગયો છે. પરિણામે શરીરની ચળવળ ઘટી ગઈ છે, આંખો અને મન પર ભાર વધ્યો છે અને એકાંતની ભાવના પણ ઊંડે સુધી પ્રવેશી રહી છે. અગાઉ શેરીઓમાં સાંજ પડતાં જ બાળકો ભેગા થતા, ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, પતંગ, ગિલ્લી-ડંડા જેવી રમતો રમાતી. આ રમતો માત્ર સમય પસાર કરવા માટે નહોતી, પરંતુ સહકાર, સહનશીલતા, ચપળતા અને જીવનને હળવાશથી લેવાની કળા શીખવતી. મેદાનમાં દોડવાથી શરીર મજબૂત બનતું અને સાથે સાથે મન પણ પ્રસન્ન રહેતું. જીત-હાર સ્વીકારવાની ટેવ પડતી અને મિત્રતા ગાઢ બનતી. આજના ડિજિટલ યુગમાં આ બધું ધીમે ધીમે ગુમ થઈ રહ્યું છે. મોબાઈલમાં રમાતી રમતોમાં આંગળીઓ ચાલે છે, પણ દિલ અને દેહ નિષ્ક્રિય રહે છે. તેથી જરૂરી છે કે આપણે ફરીથી મેદાનમાં રમાતી જૂની રમતોનું મહત્ત્વ સમજીએ. આ રમતો માત્ર બાળપણની યાદ નથી, પરંતુ જીવન જીવવાની શીખ છે. જો બાળકો અને યુવાનો ફરીથી શેરી અને મેદાનમાં રમવા લાગશે તો તેમનું જીવન વધુ સંતુલિત, આનંદમય અને સ્વસ્થ બનશે. રમતો આપણને માત્ર રમવા નથી શીખવતી, પરંતુ જીવનને સમજવાની દૃષ્ટિ પણ આપે છે.મેદાનમાં રમાતી દરેક રમત કોઈને કોઈ રીતે જીવનનો સંદેશ આપે છે. ખો-ખો જેવી રમતમાં એકબીજાને "ખો" આપવાની પ્રક્રિયા દેખાવમાં રમૂજી લાગે છે, પરંતુ તે આપણને જવાબદારી વહેંચવાની શીખ આપે છે. જીવનમાં દરેક કામ પોતે જ કરવા કરતાં યોગ્ય સમયે બીજાને સોંપી દેવું પણ એક કળા છે. આમ કરવાથી તણાવ ઘટે છે અને સહકાર વધે છે. પતંગ અને ફીરકી જેવી સ્થિતિમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે કોઈ દોડે છે અને કોઈ શાંતિથી ઊભો રહે છે. બંનેની ભૂમિકા જરૂરી છે, પરંતુ પોતાની યોગ્ય ભૂમિકા ઓળખવી વધુ મહત્વની છે.વોલીબોલ જેવી રમતમાં બૉલ પોતાની તરફ આવે ત્યારે તરત જ આગળ મોકલવાનો નિયમ છે. જીવનમાં પણ ઘણી વખત જવાબદારી અચાનક આવી પડે છે. ત્યારે ગભરાવા બદલે સમજદારીથી આગળ વધવું કે યોગ્ય વ્યક્તિ સુધી પહોંચાડવું એ જ સુઝબુઝ છે. કબડ્ડી આપણને બે વાત શીખવે છે—એક તો લક્ષ્ય સુધી પહોંચવા માટે સંઘર્ષ કરવો અને બીજી, કોઈ અવરોધ આવે ત્યારે ચતુરાઈથી બહાર નીકળવું. જો પોતે આગળ ન વધી શકાય તો બીજાને અટકાવવાની વૃત્તિ પણ માનવીય સ્વભાવનો ભાગ છે, એ સત્ય પણ આ રમત દર્શાવે છે.સોગઠાબાજી ની રમત ઘરની અંદર એટલે કે ઈન્ડોર ગેમ છે સામાન્ય રીતે આ રમત ધાર્મિક દ્રષ્ટિએ નકારવામાં આવી છે. આવી જ રીતે ચોપાટ અને શતરંજની રમતને પણ નકારાત્મક ભાવથી જોવામાં આવે છે. પાંડવો રમતા હારી ગયા અને મહાભારત સર્જાયુ ક્યારથી આ રમતને અયોગ્ય ગણવામાં આવે છે. ઈન્ડોર ગેમ માં નવ કુકરી ની રમત પણ રમવામાં આવે. સાવ નાના બાળકો રમકડા થી રમતા ગામડાના બાળકો લાકડાના રમકડા થી રમતા પ્લાસ્ટિકનો જમાનો નો હતો પૈસાદારના બાળકો ધાતુ



ના રમકડા થી રમતા. ગામમાં આવેલી સુથાર ની દુકાને હળ અને ગાડા ના પૈડા અને અન્ય ખેતીના સાધનો બનાવવામાં આવતા, ઘરમાં વસાહતી વસ્તુઓ જેવી કે ખાટલા ખુરશી ટેબલ થી માંડીને લાકડાના ખાંડણીયા સહિતની અનેક વસ્તુઓ લાકડાની બનતી આમાં જે લાકડાના ટુકડા વધતા તેમાંથી સુથાર લોકો લાકડાના રમકડા બનાવતા. અને બાળકો તેને ધ્યાનથી રમતા નાની દીકરીઓ માટે લાકડાના નાનકડા કડા ઘોડીયા. નાના નાના રસોઈના સાધનો તથા ઘરમાં વપરાતી મહત્વની વસ્તુ ના રમકડા સુથાર બનાવતા અને બાળકોને તે વસ્તુથી પરિચય કરાવવામાં આવતો હતો આમ રમકડા અને રમતો જીવન શિક્ષણનો એક ભાગ તે સમય હતો.

આ રીતે જો જોઈએ તો રમતો માત્ર મનોરંજન નથી, પરંતુ જીવનની નાની-નાની પાઠશાળાઓ છે. મેદાનમાં શીખેલી હળવાશ, સમજદારી અને સહકાર જો જીવનમાં ઉતરી જાય તો જીવન વધુ આનંદમય બની શકે છે. રમતોમાંથી મળતો આ જીવન-સંદેશ કદાચ પુસ્તકો કરતાં વધુ સરળ અને અસરકારક છે.